

## સે. ૨૮ જી.આઈ.ડી.સી.ની ઈલેક્ટ્રોનીક કંપનીમાં આગ

ગાંધીનગર શહેરના સેક્ટર-૨૮ જી.આઈ.ડી.સી.ના પ્લોટ નં. ૧૦૨/એ માં સુવિક ઈલેક્ટ્રોનીક પ્રા. લીમીટેડ નામની ઈન્ડસ્ટ્રીયલ સર્વર સ્ટેબીલાઈઝર બનાવતી કંપની આવેલી છે. આ કંપનીના પેકેજીંગના ખોખા કંપનીની પ્રીમાઈસીસના એક ખુણે ડમ્પ કરી દેવામાં આવ્યા હતા. આ ડમ્પ કરેલા ખોખામાં આજે સાંજે એકાએક આગ લાગતા નાસભાગ મચી જવા પામી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડને આગ અંગે કોલ મળતા ફાયર ઓફીસર મહેશકુમાર મોડ ઘટનાસ્થળે કાફલા સાથે પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવીને આગ બેકાબુ બને તે પહેલા જ સમયસર કાબુમાં લઈ લેવામાં આવી હતી. સદ્‌ભાગ્યે આ બનાવમાં કોઈને ઈજા કે જાનહાનિ જવા પામી નથી. (તસવીર : નિકેશ બારોટ)

# બેરોજગારીથી કંટાળીને સે-૧૨માં રહેતા પરિણીત યુવાનનો આપઘાત

### સ્યુસાઈડ નોટ લખીને ઘઉંમાં છાંટવાની દવા પી લીધી : સારવાર દરમિયાન મોત

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરનાં સેક્ટર-૧૨માં રહેતા પરિણીત યુવાને બેરોજગારીથી કંટાળીને ગઈકાલે રાત્રિ દરમિયાન પોતાના ઘરે જ સ્યુસાઈડ નોટ લઈને ઘઉંમા છાંટવાની દવા ગટગટાવી લઈને આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. સે-૭ પોલીસે સ્યુસાઈડ નોટ કબ્જે કરીને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પી.એ.આઈ. રાઠોડે વધુ તપાસ આરંભી છે.

રાજય સરકાર દ્વારા એક તરફ રોજગારી પુરી પાડવાના મોટા મોટા આંકડાઓ કાગળ પર રજુ કરવામાં આવે છે ત્યારે જે શહેરમાં મુખ્યમંત્રીનું કાર્યાલય અને નિવાસસ્થાન આવેલું છે તે જ શહેર ગાંધીનગરમાં બેરોજગારીનો ભોગ બનેલાઓ પૈકીના એક ૨૫ વર્ષીય યુવાને દવા ગટગટાવીને આપઘાત કરી લીધાનો કિસ્સો બનવા પામ્યો છે. સેકટર-૧૨નાં પ્લોટ નં. ૪૩૯/૨માં રહેતો ૨૫ વર્ષીય પરણીત યુવાન દિપક ચંદ્રકાન્ત રાવલ બેરોજગારીથી કંટાળી ગયો હતો ગઈ કાલે રાત્રે તેણે એક સ્યુસાઈડ નોટ લખીને ખિસ્સામાં મુકી ઘઉંમાં છાંટવાની દવા ગટગટાવી લીધી હતી. સારવાર માટે ગંભીર હાલતમાં તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો જયાં તેનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયું હતું. સે-૭ પોલીસે મૃતદેહ પી.એમ. માટે મોકલી તપાસનો દૌર શરુ કર્યો છે.


# વિજદર વધારો નામંજૂર કરવા મહામંડળે જર્ક સમક્ષ રજૂઆત કરી

### ગ્રાહકોના માથે ભાવ વધારો ઝીંકવાના બદલે સામાજિક જવાબદારી નિભાવવી જોઈએ

ગાંધીનગર, તા.૧

ટોરેન્ટ પાવરના વિજ દર વધારાની માંગ સામે શહેર વસાહત મહામંડળ દ્વારા જર્ક સમક્ષ આ ભાવવધારો નામંજૂર કરવા રજૂઆત કરી છે. કંપની સામાજિક જવાબદારી સમજી ગ્રાહકોને નાણાંકીય રક્ષણ આપે તે અંગે પણ મહામંડળના પ્રતિનિધિઓએ રજૂઆતમાં જણાવ્યું છે.

ગાંધીનગર, અમદાવાદ અને સૂરત સહિતના શહેરોમાં વીજ જોડાણ પુરું પાડતી ટોરેન્ટ પાવર કંપની દ્વારા વર્ષ ૨૦૧૩-૧૪ માટે વિજદર વધારાની માંગણી વિજ નિયમન પંચ સમક્ષ કરવામાં આવી છે. આ મામલે નગરજનોના હીતને ધ્યાને લઈ મહામંડળ દ્વારા અગાઉ અમદાવાદ સ્થિત વિજ નિયમન પંચ સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવી હતી. જેના અનુસંધાને મહામંડળના પ્રતિનિધિ અરૂણ બુચ, મયુર વ્યાસ, કીશોર જીકાદરા તેમજ સુધીર દેસાઈએ જર્ક સમક્ષ રજુઆતમાં જણાવ્યું હતું કે ટોરેન્ટ પાવર હરહંમેશ રેગ્યુલેશન-૨૦૧૧નો ભંગ કરી સમયમર્યાદામાં ગ્રાહકોને તથા પંચને જાણ કરવામાં આવતી નથી. આ તબક્કે કાયદાના ભંગ બદલ કંપનીને દંડ કરવા અને ગ્રાહકને વળતર આપવા પણ રજૂઆત કરવામાં આવી હતી. આ ઉપરાતં અંતિમવાસો, વૃધ્ધાશ્રમો, ટ્રસ્ટની હોસ્પિટલો તેમજ જાહેર બગીચાઓમાં વિના મૂલ્યે વીજ જોડાણ આપવા પણ જણાવ્યું હતું. ભીવંડી અને આગ્રાની ખોટ સ્થાનિક ગ્રાહકોને માથે નાંખવાની આ નીતિ સામે આ ભાવ વધારો નામંજૂર કરવા પણ મહામંડળે જણાવ્યું હતું.



## રાંધેજા ગામના મુખ્ય ‘કરમશીભા પ્રવેશદ્વાર’નો ઉદઘાટન સમારોહ સંપન્ન

ગાંધીનગર જિલ્લાના રાંધેજા ગ્રામ પંચાયતના સરપંચે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, રાંધેજા મુકામે ગામના મુખ્ય ‘કરમશીભા પ્રવેશદ્વાર’નો ઉદઘાટન સમારોહ તાજેતરમાં યોજાયો હતો. રાંધેજા ગામમાં ગામના મુખ્ય પ્રવેશદ્વારના ભવ્ય ઉદઘાટન પ્રસંગે ધાર્મિક સંતો, મહંતો, ભુવાજીઓ અને રાજકીય મહાનુભાવો તેમજ ગામના અગ્રણીઓ તથા સમસ્ત ગ્રામવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રવેશદ્વારનું નામકરણ ગામના અગ્રણી કરમશીભાઈ રામાભાઈ દેસાઈ-પરિવારના નામથી ‘શ્રી કરમશીભા પ્રવેશદ્વાર’ નામકરણ રાખવામાં આવ્યું છે એમ અગ્રણીઓ દ્વારા જણાવાયું છે.

# સાદરા હનુમાન મંદિરમાં મૂર્તિ ખંડીત થતા લાગણી દુભાઈ

### રાત્રિના સમયે તત્વોએ મૂર્તિના ચહેરાનો ભાગ ખંડીત કર્યો



ગાંધીનગર, તા. ૧

સાદરામાં સ્થિત ગાયકવાડ સમયના પૌરાણિક હનુમાન મંદિરમાં કોઈ તત્વોએ હનુમાનદાદાની મૂર્તિ ખંડીત કરતા સ્થાનિક ગ્રામજનોની ધાર્મિક લાગણી દુભાઈ છે. ગતરાત્રિ દરમિયાન હનુમાનજીની મૂર્તિના ચહેરાનો ભાગ ખંડિત થતા ગ્રામજનો રોષે ભરાયા છે. આ મામલે ચિલોડા પોલીસે પણ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સાદરા ગામમાં હીલ્લોલ માર્ગ પર હાઈસ્કૂલ નજીક ગાયકવાડના રાજ્યનું પૌરાણિક હનુમાન મંદિર સ્થિત છે. ગઈકાલે રાત્રિના સમયે કોઈ તત્વો દ્વારા મંદિરમાં પ્રવેશ કરી હનુમાનજીની મૂર્તિને ખંડીત કરી હતી. બદઈરાદાથી આવેલા તત્વોએ હનુમાનજીની મૂર્તિના મોઢાના ભાગે નુકશાન પહોંચાડ્યું છે. આ ઘટનાની સ્થાનિક લોકોની ધાર્મિક લાગણીને ઠેસ પહોંચી છે. વહેલી સવારે મંદિરના પૂજારીએ દ્વાર ખોલતા મૂર્તિને ખંડીત હાલતમાં જોઈ તેઓ આઘાતમાં સરી પડ્યા હતા. ગ્રામજનોમાં પણ આ ઘટનાના પગલે ઉગ્ર આક્રોશ પ્રવર્ત્યો છે. મંદિરના પૂજારીએ આ મામલે ચિલોડા પોલીસમકે જાણ કરવા પોલીસે પણ આ અંગે તપાસ હાથ ધરી છે.

## નીકી મેટરનીટી હૉમમાં રવિવારે નિદાન કેમ્પ

ગાંધીનગર, તા. ૧

નીકી મેટરનીટી હૉમમાં ડૉ. ડી.એ. રતાણીના દવાખાનામાં તા. ૩જી માર્ચના રોજ સવારે ૨ ૩મો વિના મૂલ્યે નિદાન કેમ્પ યોજવામાં આવશે. વજન વધારાની સમસ્યા, ડેન્ટલ ચેકઅપ, એનીમીયા નિદાન, હિમોગ્લોબિનની ચકાસણી નિષ્ણાત તબીબો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

## ગાંડા બાવળથી સરગાસણ ચોકડી પાસે હેરાનગતિ

ગાંધીનગર, તા. ૧

જળ એ જીવન છે, વૃક્ષ વરસાદ લાવે છે ને મોત પણ લાવે છે. કારણ કે વૃક્ષ યોગ્ય જગ્યાએ ન હોય તો અવરોધ રૂપ દુઃખદાયી નીવડે છે.

સરગાસણ ચોકડીથી ઘ-૦ તરફ રસ્તા નજીક ગાંડા બાવળ, દેશી બાવળ નમી ગયેલ છે. જેથી સ્કૂટર, બાઈક ચાલક, સાયકલ ચાલકને આંખો ઉપર લપાલપ વાગે છે. અને ટાયરમાં પંક્ચર પાડે છે. મોટા વાહનો ટ્રક અને ટ્રેકટરમાં, મેટાડોરમાં ભરેલો માલને બાળવો ખેંચી લે છે. વનવિભાગે ગાંડા બાવળનો નિકાલ કરે તેવી લોકોની માગણી છે.

# આજે ભારતીય સ્ટેટ બેંક વાવોલ શાખાનો ઉદ્‌ઘાટન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર ભારતીય સ્ટેટ બેંકના સહાયક મહા પ્રબંધક જે.એસ. સહેદાનીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આજે ગાંધીનગર જિલ્લાના વાવોલ ગામે ભારતીય સ્ટેટ બેંક વાવોલ સાખાનો ઉદ્‌ઘાટન સમારોહ સવારે ૧૦ કલાકે શાંતિવન કોમ્પલેક્ષ, જી.આઈ.ડી.સી. રોડ, વાવોલ ખાતે યોજાશે.

બી.એસ.આઈ. વાવોલ શાખાના ઉદ્‌ઘાન સમારંભમાં મુખ્ય મહેમાન પદે ગાંધીનગર વહીવટી કચેરી ભારતીય સ્ટેટ બેંકના ઉપ મહા પ્રબંધક રાજેશકુમાર મિશ્રા તથા અતિથિ વિશેષ તરીકે તાલુકા પંચાયતના પૂર્વ સદસ્ય વિક્રમસિંહ ગોલ ખાસ ઉપસ્થિત રહેશે. એમ વાવોલ બી.એસ.આઈ. શાખાના શાખા પ્રબંધક મુકેશ પરીખે જણાવ્યું છે.

## ઝુંડાલ કેનાલમાંથી બે વ્યકિતઓના તરતા મૃતદેહ મળ્યા

ગાંધીનગર નજીક આવેલી ઝુંડાલ નર્મદા કેનાલમાંથી આજે સવારના સુમારે બે વ્યકિતઓના તરતા મૃતદેહ મળી આવ્યા છે. જે પૈકી એક યુવાનનો અને એક પ્રૌઢ વયની વ્યકિતનો મૃતદેહ છે. અડાલજ પોલીસને આ અંગે જાણ થતાં જમાદાર ભીખાભાઈ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને બંને મૃતદેહ બહાર કઢાવી પોસ્ટ મોર્ટમ માટે મોકલી ઓળખ માટે તજવીજ શરુ કરી છે.

## વસાહત મંડળ સે.૧૩-સીમાં રામપારાયણ યોજાયું

ગાંધીનગર સેક્ટર-૧૩-સી વસાહત મંડળના સૌજન્યથી પ.પૂ. સીતારામ બાપુની વ્યાસપીઠે તાજેતરમાં નવ દિવસની રામકથા યોજાઈ હતી. જેમાં તેઓએ રામપારાયણ કરી શ્રદ્ધાળુઓને રસતરબોળ કર્યા હતા. રામકથાના મુખ્ય પોથી યજમાન પદે પ્રદિપસિંહ બિહોલાના પરિવાર તથા સેક્ટર-૧૩ વસાહત મંડળ તરફથી તન-મન-ધનથી સાથ સહકાર આપેલો છે. વસાહત મંડળના હોદ્દેદારો સૌનો હૃદયપૂર્વકનો આભાર માને છે.

## કલોલના કસ્બા વિસ્તારમાં રિ-સર્વે ચોથીથી આરંભાશે

કલોલ ગામના કસ્બા વિસ્તારમાં ખેતી-બિનખેતીની જમીન ધરાવનાર તમામ ખાતેદારો તથા સરકારશ્રીના વિવિધ વિભાગોને જણાવેલા છે કે એન.એલ.આર.એમ.પી કાર્યક્રમ હેઠળ તમામ જમીનનો રિ-સર્વે તા.૪થી માર્ચ થી ૧૭મી માર્ચ સુધી થનાર છે. જિલ્લા જમીન દફતર નિરીક્ષકશ્રીની યાદીમાં જણાવેલ છે.




# સમર્પણ કોલેજનો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ગાંધીનગરનો સત્તરમો વાર્ષિકોત્સવ વિધાનસભા વિપક્ષ નતા શંકરસિંહ વાઘેલાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર સેકટર-૮ સ્થિત સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરી દિપ પ્રગટાવીને કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ગ્રુપ ડાન્સ, એકપાત્રીય અભિનય, કવિતા, ગઝલો સહિત ફિલ્મી ગીતો રજુ કરવામાં આવ્યા હતા. વધુમાં કોલજના સ્પોર્ટસના વિદ્યાર્થીઓએ ઓલ ઈન્ડિયા ઈન્ટર યુનિવર્સિટી કક્ષાએ ખુબ સારો દેખાવ કર્યો હોવાથી આમંત્રિત મહેમાનોના હસ્તે રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા. કોલેજના સ્પોર્ટસના વિદ્યાર્થીઓને પી.ટી.આઈ. મહેન્દ્ર મોડીયાએ માર્ગદર્શન આપી પ્રોત્સાહન પુરું પાડયું હતું.



(તસવીર : નિકેશ બારોટ)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૫
સૂર્યાસ્ત : ૬.૨૭

## તાપમાન

મહત્તમ : ૩૧.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૪.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૫૧ ટકા ● સાંજે ૨૯ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

જકસ ધ ગેંઈન્ટ સેલર-૩ડી (હિન્દી) : ૯.૩૦, ૧૨.૦૦, ૨.૩૦, ૭.૩૦
એ ગુડ ડેય ટુ ડાઈ હાર્ડ (હિન્દી) : ૫.૦૦

: સ્ક્રીન-૨ :

કાઈ પો છે : ૧૦.૩૦, ૧.૦૦, ૩.૩૦, ૬.૦૦
આઈ મી ઓર મેંઈન : ૮.૩૦, ૧૦.૪૫

: સ્ક્રીન-૩ :

ધ એંટેક્સ ઑફ ૨૬/૧૧ : ૧૦.૧૫
આઈ મી ઑર મેંઈન : ૧૨.૪૫, ૩.૦૦
જિલ્લા ગાઝીયાબાદ : ૫.૧૫
કાઈ પૉ છે : ૮.૦૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :

આઈ મી ઑર મેંઈન : ૧૦.૦૦
ધ એંટેક્સ ઑફ ૨૬/૧૧ : ૧૨.૧૫, ૨.૪૫, ૫.૩૦, ૮.૧૫, ૧૦.૩૦

### સૂર્યા, વાવોલ

નામ છે મારુ ગંગા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
મર મીટેગે : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

જિલ્લા ગાજીયાબાદ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫,

: સ્ક્રીન-૨ :

ડાઈ હાર્ડ-૫ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૩ :

મર્ડર-૩ : ૧૦.૩૦, ૩.૦૦, ૭.૩૦, ૧૦.૦૦
જયંતાભાઈકી લવ સ્ટૉરી : ૧૨.૪૫, ૫.૧૫

### ચિરાગ, કલોલ

નામ છે મારુ ગંગા : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ધાર્મિક

- આશાપુરા મિત્ર મંડળ રાંધેજા દ્વારા સંતવાણી અને ડાયરોનું આયોજન રાંધેજા ખાતે જૂના ચોરા પાસે રાત્રે રાત્રે ૯.૩૦ કલાકે રાખવામાં આવેલ છે.

## આપની આજ

**મેષ** : ભાગ્ય પર છોડીને કરેલા કાર્યોમાં અનુકૂળતા મળશે. વ્યાપાર- વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

**વૃષભ** : વ્યાપાર- વ્યવસાયમાં સફળતા મળવાની શકયતા છે. પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંબંધ પ્રત્યે વિશેષ સાવધાની રાખવી પડેશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે.

**મિથુન** : નવી યોજનાઓની શરૂઆત થશે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે તાર્ય કરવું. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

**કર્ક** : કામની સફળતામાં સંદેહ રહી શકે છે. સંતોષપ્રદ વાતાવરણ રહેશે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

**સિંહ** : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. તમારો આત્મવિશ્વાસ વધશે. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે. ધર્મમાં આસ્થામાં વધારો થશે. લાભનો માર્ગ મોકળો બનશે.

**કન્યા** : સંતાન અને ઐશ્વર્ય પર ખર્ચ સંતોષ આપશે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે. આપને સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ થવાના સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : પરાક્રમી પ્રશંસાને કારણે પાસે આવનારા વ્યક્તિઓની અધિકતા રહેશે. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**વૃશ્ચિક** : માનસિક સંતોષ પ્રસન્નતા રહશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. આપને આજે ઋણથી મુક્ત થઈ શકશો. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે.

**ધન** : સામાજિક માન સન્માનમાં વધશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

**મકર** : વહીવટ કરતાઓ માટે આર્થિક વૃદ્ધિનો યોગ . વાંચનમાં નવ લાગશે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે.

**કુંભ** : વ્યાપારમાં ઉન્નતિ થશે. બંધુઓ પ્રત્યે સહયોગની ભાવના વધશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

**મીન** : યોજનાઓ ફળશે. સરકારી કામોમાં સફળતા મળવાનો યોગ. આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે. વિરાધીઓ પરેશાન કરી શકે છે.

## ચિરવિદાય

- સ્વ. દિપકકુમાર ચંદ્રકાન્તભાઈ રાવલ(ઉ.વ. ૨૬)રામજી મંદિરની ચાલીમાં, મુ.પો. પેથાપુર, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. સીતાબેન ગોપાલભાઈ પટેલ(ઉ.વ. ૬૫) મુ.પો. મગોડી, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. લક્ષ્મીબેન માધવસિંહ રાજપુત(ઉ.વ.૬૦) પ્લોટ નં. ૭૩૪/૨, સેકટર-૪/સી, ગાંધીનગર.
- સ્વ. મધુબેન ભીખાભાઈ પંચાલ(ઉ.વ. ૭૫) મુ.પો. દેલવાડા, તા. માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. પુરષોત્તમભાઈ નાથાલાલ મકવાણા(ઉ.વ. ૬૮) પ્લોટ નં. ૭૭૨/૧, સેકટર-૨/બી, ગાંધીનગર.